પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૧૩ | ૩ જુલાઈ, ૨૦૧૯, બુધવાર; અષાઢ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# રાજ્યનું કૃષિ-શિક્ષણ લક્ષી અંદાજપત્ર

**ગુજરાતના બજેટમાં રાહત નહીં, ૨૮૭ કરોડના વેરા, કદમાં ૧૫ હજાર કરોડનો વધારો : ગુજરાતના નાણામંત્રીએ ૭મી વખત ગુજરાતનું બજેટ રજૂ કરી રેકોર્ડ કર્યો : ગુજરાત સરકારે છેલ્લા ૧૬ વર્ષમાં એક પણ વાર ઓવરડ્રાફ્ટ ન લીધો : શિક્ષણના વિકાસ માટે ૩૦૦૪૫ કરોડની જંગી જોગવાઈ કરાઈ : આદિજાતિ વિકાસ માટે ૨૪૯૮૧ કરોડની ફાળવણી : રોજગારી માટે ૩૧૮૭૭ કરોડ : ત્રણ વર્ષમાં ૨૦ હજાર કરોડના ખર્ચે પાઇપલાઇનથી ઘરે ઘરે પીવાનું શુદ્ધ પાણી પહોંચાડાશે,૪૫૦૦ કરોડની ફાળવણી,અષાઢી બીજથી નર્મદા ડેમના દરવાજા ખોલાશે.આવતી અષાઢી બીજ સુધીમા પડતર ૧.૨૫ લાખ કિસાનોને નવા વીજ કનેકશન અપાશે,રોજગાર સહિતના પાંચ ક્ષેત્રો પર વિશેષ ભાર, શિક્ષણ પર સૌથી વધુ ૩૦ હજાર કરોડ ફાળવ્યાં : નીતિન પટેલ**



ગાંધીનગર-

ગુજરાત સરકારે ખેડૂતો અને મહિલાઓ અને યુવાનો માટે મહત્વની જાહેરાતો કરી બધાં વર્ગોને બજેટમાં ખુશ કરવાનો પ્રયાસ કર્યો છે પરંતુ રાજ્યની સાડા છ કરોડની જનતાને કોઈ રાહતો આપવામાં આવી નથી. રાજ્યના નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રી નિતીન પટેલે રજૂ કરેલા ૨૦૧૯-૨૦ના બજેટમાં ૨૮૭ કરોડના કરવેરા નાંખ્યા છે જે વીજશુલ્ક અને સ્ટેમ્પડ્યુટીને અસર કરે છે. સરકારે ફરી એકવાર ઉદ્યોગ સમાધાન યોજના શરૂ કરી છે. નિતીન પટેલે સંખ્યાબંધ નવી યોજનાઓ જાહેર કરી છે પરંતુ જે પૈકી મોટાભાગની યોજનાઓ ફેબ્રુઆરીમાં રજૂ કરેલા લેખાનુદાન વખતની ચાલતી આવે છે.

રાજ્યના નાણામંત્રી નિતીન પટેલે લેખાનુદાન વખતે બજેટનું કદ ૧.૯૧ લાખ કરોડ નક્કી કર્યું હતું પરંતુ નવી યોજનાઓ અને જોગવાઈઓને કારણે તેમાં ૧૫૦૦૦ કરોડનો વધારો કહી બજેટનું કદ ૨૦૪૮૧૫ કરોડ નક્કી કર્યું છે. નાણામંત્રીએ કહ્યું હતું કે તેમનું બજેટ જળ વ્યવસ્થાપન, ગ્રીન એન્ડ ક્લિન એનર્જી, પર્યાવરણ, કૃષિ અને ખેડૂત કલ્યાણ તેમજ રોજગાર મળી કુલ પાંચ ફોર્મ્યુલા આધારિત છે. સૌના વિશ્વાસનું તેમાં પ્રતિબિંબ છે. ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જાહેર કરેલી નલ સે જલ યોજનાનો ગુજરાત સરકારે અમલ કર્યો છે અને પીવાના ચોખ્ખા પાણીનું આયોજન કર્યું છે.

લાંબાગાળાના વિકાસ પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું હોવાનો દાવો કરતાં નાણામંત્રી નિતીન પટેલ વિધાનસભામાં બજેટની રજૂઆત કરતાં કહ્યું હતું કે રાજ્યનો વિકાસલક્ષી ખર્ચ ૧૨૭૫૬૦ કરોડ રૂપિયા છે, જે ૭૪૮૫૭ કરોડના બિન વિકાસલક્ષી ખર્ચ કરતાં ૫૨૭૦૩ કરોડ વધુ થાય છે. નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે ૧૫૪૭૩૨ કરોડની મહેસૂલી આવક અંદાજવામાં આવી છે જે ગયા વર્ષ કરતાં ૧૦ ટકા વધારે છે.

નાણામંત્રીએ કહ્યું હતું કે ૨૦૨૨ સુધીમાં પ્રત્યેક ઘરમાં નળથી પાણી પુરૂં પાડવામાં આવશે. સરકારે સોલાર રૂફટોપ યોજના જાહેર કરી છે જેમાં ત્રણ કિલોવોટ સુધીની સિસ્ટમ માટે

● અનુસંધાન પાન-૭ પર

## કયા વિભાગને કેટલી ફાળવણી

| ક્ષેત્ર | ફાળવણી (કરોડમાં) |
|---|---|
| કૃષિ, ખેડૂત કલ્યાણ, સહકાર | ૭૧૧૧ |
| આદિજાતિ વિકાસ | ૨૪૯૮૧ |
| વહાલી દિકરી યોજના | ૧૩૩ |
| વિધવા પેન્શન | ૩૭૬ |
| જળ સંપત્તિ | ૭૧૫૭ |
| પ્રધાનમંત્રી ફસલ વિમા યોજના | ૧૦૭૩ |
| કૃષિ વિકાસ યોજના | ૨૯૯ |
| ફુડ પ્રોસેસિંગ | ૩૪ |
| સેટેલાઈટ ઈમેજ ડ્રોન ફોટોગ્રાફી | ૨૫ |
| ડેરી ફાર્મ સ્થાપવા | ૧૩૪ |
| પાણી પુરવઠા | ૪૩૦૦ |
| સામાજિક ન્યાય અધિકારિતા | ૪૨૧૨ |
| નવી સોલાર રુટટોપ | ૧૦૦૦ |
| નળ દ્વારા શુદ્ધ પાણી માટે | ૪૫૦૦ |
| નર્મદા યોજના | ૬૫૯૧ |
| કાયદા વિભાગ | ૧૬૫૩ |
| શિક્ષણ માટે | ૩૦૦૪૫ |
| આરોગ્ય પરિવાર કલ્યાણ | ૧૦૮૦૦ |

# રાજ્યનું જાહેર દેવું ૨.૪૦ કરોડ થવાનો અંદાજ

ગાંધીનગર, તા.૨

ગુજરાત સરકારનું જાહેર દેવું માર્ચ ૨૦૧૯ના રોજ વધીને ૨૪૦૬૫૨ કરોડ થયું છે જે એકંદરે ઘરગથ્થુ ઉત્પાદનના ૧૬.૦૩ ટકા જેટલું થાય છે. જાહેર દેવાના ઘટકાં સૌથી વધુ ૭૧.૪૫ ટકા બજાર લોન ને પાવર બોન્ડ્સ છે. કેન્દ્ર સરકારની લોનનું પ્રમાણ ૨.૮૦ ટકા છે. નાણાકીય સંસ્થાઓ અને બેન્કો પાસેથી લોનની ટકાવારી ૫.૫૭ ટકા થાય છે. એનએસએસએફ લોનમાં ૨૦.૧૯ ટકા છે.

ગુજરાત સરકારના જાહેર દેવાના આંકડા જોતાં આવનારા બે વર્ષમાં એટલે કે ૨૦૨૧ સુધીમાં ૩ લાખ કરોડને પાર હશે. જો કે પાડોશી રાજ્ય મહારાષ્ટ્રની સરખામણીએ ગુજરાતનું જાહેર દેવું ઓછું છે. રાજ્ય સરકારને દેવાની ચૂકવણીમાં વિક્રમી વ્યાજ પણ ભરવું પડે છે, કારણ કે મોટાભાગનું દેવું બજાર લોન પર અવલંબે છે.

ગુજરાત સરકારનું જાહેર દેવું માર્ચ ૨૦૧૪ના અંતેમાત્ર ૧૪૯૫૦૬ કરોડ રૂપિયા હતું તે માર્ચ ૨૦૧૫ના અંતે વધીને ૧૬૩૪૫૧ કરોડ રૂપિયા થયું છે. ૨૦૧૬માં જાહેર દેવાની રકમ ૧૮૦૭૪૩ કરોડ હતી જે ૨૦૧૭માં વધીને ૧૯૯૩૩૮ કરોડ થઈ હતી. ૩૧મી માર્ચ ૨૦૧૮ના અંતે ગુજરાતનું જાહેર દેવું ૨૧૨૫૯૧ કરોડ થયું છે. આ દેવામાં સૌથી વધુ ૧૫૧૮૮૭ કરોડ રૂપિયા બજાર લોન અને પાવર બોન્ડ મારફતે મેળવવામાં આવ્યા છે. જાહેર દેવા સામે એકંદર ઘરગથ્થું ઉત્પાદનના ગુણોત્તરમાં સુધારો થયો હોવાનો દાવો નાણા વિભાગના ડોક્યુમેન્ટમાં કરવામાં આવ્યો છે. રાજ્યના નાણા વિભાગના અધિક મુખ્ય સચિવ અરવિંદ અગ્રવાલને જ્યારે જાહેર દેવાનો પ્રશ્ન પૂછવામાં આવ્યો ત્યારે તેમણે કહ્યું હતું કે ગુજરાત સરકારે જાહેર દેવાની કેન્દ્રીય ટકાવારી ૧૭.૫૦ ટકાની સામે ૧૫.૬૯ ટકા છે જે ગયા નાણાકીય વર્ષમાં ૧૬.૦૩ ટકા હતું. એટલે કે ગુજરાત સરકાર પ્રતિવર્ષ ઘટાડો કરતી જાય છે.

● અનુસંધાન પાન-૭ પર

## સિંગારપરની હાઈકોર્ટે નીરવ મોદીની ૪૪ કરોડની સંપત્તિ જપ્ત કરી

ન્યુ દિલ્હી,તા.૨

પંજાબ નેશનલ બેંક કૌભાંડના મુખ્ય આરોપી અને ભારત છોડીને નાસી ગયેલા નીરવ મોદી પર એજન્સીઓ ગાળિયો કસ્યો છે. નીરવ મોદી અને તેની બહેન પૂર્વી મોદી સાથે જોડાયેલા ચાર બેંક ખાતાઓને સ્વીટ્ઝર્લેન્ડમાં સીઝ કર્યા બાદ આજે સિંગાપુર સ્થિત સંપત્તિ જપ્ત કરવામાં ઈડીને સફળતા મળી છે.

મંગળવારના રોજ સિંગારપુરની કોર્ટે ઈડીની ભલામણ પર રૂ ૪૪.૪૧ કરોડની સિંગાપુર સ્થિત સંપત્તિને જપ્ત કરવાનો આદેશ આપ્યો છે. ઉલ્લેખનીય છે કે પંજાબ નેશનલ બેંકના ૧૩ હજાર કરોડ રૂપિયાની લોન લઈની દેવાળુ ફૂંકનાર ભાગેડુ નીરવ મોદીની મુશ્કેલીમાં સતત વધારો થઈ રહ્યો છે.

તપાસ એજન્સીઓએ આ મામલામાં નીરવ મોદી અને તેની બહેન પૂર્વી મોદી સાથે જોડાયેલા ચાર બેંક ખાતાઓને સ્વીટ્ઝર્લેન્ડમાં સીઝ કર્યા છે. નીરવ અને પૂર્વી મોદીના આ ખાતાઓમાં આશરે ૨૮૩.૧૬ કરોડ રૂપિયા જમા હતાં.

# મુબંઈ પાણીમાં ગરકાવ

**જુદા જુદા વિસ્તારમાં છ ફુટ સુધીના પાણી : ભારે વરસાદથી એરપોર્ટ ઉપર પાણી : ૫૪થી વધારે ફ્લાઇટ આખરે ડાયવર્ટ કરવાની ફરજ : સ્કુલ કોલેજોમાં રજા જાહેર : લોકોને ઘરમાં રહેવાના આદેશ**



મુંબઈ, તા. ૨

દેશના વાણિજ્ય પાટનગર મુંબઈ સહિત મહારાષ્ટ્રમાં ભારે વરસાદના કારણે હાલત કફોડી બનેલી છે. અતિ ભારે વરસાદ છેલ્લા કેટલાક દિવસથી પડી રહ્યો છે જેના કારણે જનજીવન ખોરવાઈ ગયુ છે. મુંબઈમાં છેલ્લા કેટલાક દશકોમાં સૌથી વધારે વરસાદ થયો છે. પુણે અને મુંબઈમાં ભારે વરસાદ વચ્ચે દિવાળ ધસી પડવાની જુદી જુદી ઘટનામાં ૨૫થી વધુ લોકોના મોત થયા છે અને અનેક લોકો ઘાયલ થયા છે. ભારે વરસાદના કારણે અનેક વિસ્તારમાં તો પાંચથી છ ફુટ સુધીના પાણી ભરાઈ ગયા છે. ભારે વરસાદના કારણે મોડી રાત્રે મલાડ ઈસ્ટ-કલ્યાણ અને પુણેમાં દીવાલ પડવાના કારણે ૧૯ લોકોના મોત થયા છે. મલાડ-ઈસ્ટમાં પિમ્પરીપાડામાં દીવાળ ધરાશાયી થવાની ઘટના બની હતી. ભારે વરસાદના કારણે તંત્ર દ્વારા સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. મુંબઈ એરપોર્ટ ખાતેથી ૫૪થી વધારે ફલાઈટ ડાયવર્ટ કરવામાં આવી છે. મુંબઈ વિમાની મથક ખાતે સેવા બંધ કરવામાં આવ્યા બાદ તેને ફરી શરૂ કરવામાં ૪૮ કલાકનો સમય લાગી શકે છે. અતિ ભારે વરસાદની ચેતવણી હજુ પણ જારી કરવામાં આવી છે. જો કે, બીએમસીમાં કોઈ રજા જાહેર કરવામાં આવી નથી. છેલ્લા ૪૫ વર્ષમાં સૌથી વધુ વરસાદ નોંધાયો છે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે બીએમસી કન્ટ્રોલ રુમની આજે મુલાકાત લીધી હતી.

# કોઈ પણનો દિકરો હોય પક્ષમાંથી બહાર કરો : મોદી

**આવા પ્રકારના વ્યવહાર સ્વીકાર્ય નથી : વડાપ્રધાને સંસદીય દળની બેઠકમાં નામ લીધા વિના કૈલાશ વિજયવર્ગીયના પુત્ર પર નિશાન સાધ્યુ**

ન્યુ દિલ્હી,તા.૨

ભાજપના મહાસચિવ કૈલાશ વિજયવર્ગીયના દીકરા અને ઈન્દોરના સ્ન્છ આકાશ દ્વારા સરકારી અધિકારીને માર મારવાની ઘટનાની પીએમ મોદીએ ગંભીર નોંધ લીધી છે. મોદીએ નામ લીધા વિના જ આકાશની હરકત પર આકરી નારાજગી વ્યક્ત કરતા કહ્યું છે કે, આવા નેતાઓને પક્ષમાંથી બહાર કરવા જોઈએ. મંગળવારે થયેલી સંસદીય દળની બેઠકમાં મોદીએ કહ્યું હતું કે, આ પ્રકારનો દુર્વ્યવહાર સ્વીકાર્ય નથી.

પીએમે કહ્યું હતું કે રાજકારણમાં શિસ્ત હોવી જરુરી છે. દુર્વ્યવહાર કરનારા લોકોને પક્ષમાંથી બહાર કરી દેવા જોઈએ. તેમણે કહ્યું હતું કે, આમ કરનારા ભલે ગમે તેના દીકરા હોય, તેમને મનમાની કરવાની પરવાનગી ન આપી શકાય.

● અનુસંધાન પાન-૭ પર











